DATE :- 01-01-2026
DIVYA BHASKAR, PAGE-IV, SURAT

શુભારંભ 2026
દિવ્ય ભાસ્કર, સુરત, ગુરુવાર, 1 જાન્યુઆરી, 2026 | IV
સુરત ફ્રન્ટ પેજ
નવા વર્ષની શુભેચ્છાઓ

## બીચ પર ફૂડ પ્લાઝા સાથેનો અર્બન ઝોન હશે



### 2026માં નવી DKM હોસ્પિટલ, પાલેપોઇન્ટ સ્પોર્ટ્સ સેન્ટર સહિત 150 પ્રોજેક્ટનાં લોકાર્પણ કરાશે

# ખુશીનું વર્ષ... ફેબ્રુઆરીમાં ડુમસમાં અર્બન ઝોન શરૂ થશે

# નવા વર્ષમાં ગાંધીસ્મૃતિ, ઓડિટોરિયમ, 4 બ્રિજ પણ મળશે

**અજીત રાંદેરી | સુરત:** નવા વર્ષમાં સુરતીઓ માટે 150થી વધુ પ્રોજેક્ટના લોકાર્પણ કરાશે, જેમાં ખાસ કરીને 10 વર્ષ પછી અર્બન ઝોન સહિતની વિવિધ સુવિધાઓ સાથે ડુમસ બીચ નવા રંગરૂપમાં જોવા મળશે. આમ તો સુડાના સમયથી દસેક વર્ષથી આ પ્રોજેક્ટનાં સપનાં બતાવવાનાં શરૂ કરાયાં હતાં, જેમાં પહેલો તબક્કો વર્ષ 2026માં સાકાર થશે. ઝોન-1માં બીચ વૉલિબૉલ, ફૂડ કોર્ટ સહિતની સુવિધાઓ હશે. આ ઉપરાંત સુરત-નવસારીને જોડતો સચિનનો સાતવલ્લા બ્રિજ, કતારગામ-અમરોલીના રત્નમાલા જંકશન પર ફ્લાયઓવર સહિત 4 બ્રિજ પણ ખુલ્લા મુકાશે. 55 કરોડના ખર્ચે બનેલું નવું ગાંધીસ્મૃતિ ભવન જુલાઈમાં તેમજ કતારગામનું ઓડિટોરિયમ માર્ચમાં ખુલ્લું મુકાશે. શહેર માટે અતિ મહત્વાકાંક્ષી એવી મેટ્રો રેલની બંને લાઇનનું સિવિલ વર્ક નવા વર્ષમાં પૂર્ણ કરી દેવાશે. આમ, 2026માં હરવા-ફરવા, રોડ, બ્રિજ, અંડરપાસ સહિતની અનેકવિધ સુવિધાઓ મળતી થઈ જશે.

**ડુમસ સી-ફેસ**

### ગાર્ડનિંગ, સાઇકલ ટ્રેક, વ્યૂઇંગ ડેકનું આકર્ષણ

ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટના ઝોન-1માં પેકેજ-1 કુદરતી સૌંદર્ય અને ગાર્ડનિંગ હશે, જ્યારે પેકેજ-2 ટૂરિસ્ટોની સુવિધા અને મનોરંજન માટે તૈયાર કરાઈ રહ્યું છે.

**પેકેજ-1માં** 10.23 હેક્ટર જમીન પર બની રહેલો અર્બન પાર્ક મુખ્ય આકર્ષણ હશે, જેમાં મલ્ટિપલ એન્ટ્રી ગેટ, વિશાળ વોક-વે, સાઈકલ ટ્રેક, ગઝેબો, બેઠક વ્યવસ્થા હશે. આ ઉપરાંત લેન્ડસ્કેપિંગમાં સુંદર બગીચા, બાળકો માટે પ્લે-એરિયા અને વિવિધ થીમ આધારિત બગીચા હશે.

**પેકેજ-2માં** પબ્લિક સ્પેસ અને એમ્યુઝમેન્ટનું મુખ્ય આકર્ષણ હશે, જેમાં વિશાળ પાર્કિંગ વ્યવસ્થા, પબ્લિક ટોયલેટ્સ, ખાણી-પીણી માટેના ફૂડ પ્લાઝા અને કલ્ચરલ એક્ટિવિટી માટેની જગ્યા વગેરે સુવિધાઓ ઉપલબ્ધ હશે. આ ઉપરાંત દરિયા કિનારાની સમાંતર ચાલવા માટે રસ્તો અને વ્યૂઈંગ ડેક પણ તૈયાર કરાશે.

- ક્યારે ખુલ્લુ મુકાશે? જાન્યુઆરી-ફેબ્રુઆરી
- ફી કેટલી? હજી નક્કી નથી કરાઈ.

તસવીર : રિતેશ પટેલ